સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૩ / શુમારો : ૩ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૨

# الهادي
THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદાઅવતમાં અખબાર

**નાશિર :** મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. **તા. ૧ રબીઉલ અવ્વલ ૧૪૩૦ હી., ૨૫-૨-૨૦૦૯**

## -::: જન્નતની ખુશખબરી આપનાર અને જહન્નમથી ડરાવનાર :::-

અલ્લાહ કુરઆને મજીદ ફુરકાને હમીદમાં ફરમાવે છે કે, "**ઇન્ના અરસલનાકા શાહેદવ વ મોબશ્શેરવ વ નઝીરા, વ દાઇયન ઇલલ્લાહે બેઇઝનેહી સિરાજમ મુનીરા** - યાઅની હમેં આપને (અય રસૂલુલ્લાહ) આપની ઉમ્મત પર શાહિદ (શહાદત દેનાર) બનાવીને, જન્નતની ખુશખબરી આપનાર, જહન્નમના અઝાબે શદીદથી ડરાવનાર અને અલ્લાહના ઈઝનો અમરથી એના દીન તરફ દાઅવત આપનાર એક નૂરાનીદાર સિરાજ બનાવીને મોકલેલા છે. અહલે ઈસ્લામના બધા જ ફિરકાઓ આ વાતને કુબૂલ કરે છે કે, આ આયતે શરીફા સરવરે કૌનૈન, જદ્દુલ હસના વલ હુસૈન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શાનમાં ઉતરેલી છે. આપ આકા એવા નબીએ આઅઝમ બનીને પધારા કે, ઉમ્મતના તમામ લોગોના આઅમાલના આપ શાહિદ છો, નૈકી કરનારાઓને આપ **સવાબો જઝાની બશારત** સંભલાવો છો અને સાથે આપ ખરાબી કરનારાઓને **અઝાબો સઝાની હલાકતથી** ડરાવો પણ છો. તેમજ ખુદાની શરીઅત તરફ એની રઝાથી બોલાવનાર અને અંધારી દુનિયામાં રોશન ચિરાગ થઈને રોશનીને મુન્તશર કરનાર આપ જ છો.

અલ્લાહતઆલાએ જેને પોતાના અહકામને મઝબૂત કરવાના ભારી મકસદ સાથે દુનિયામાં મોકલા હોય તેના ઈલ્મો અમલમાં માઅસૂમીયત હોય એમાં ઝરા પણ તઅજ્જુબ થાવા જેવું નથી. અલ્લાહની કઝા, કદર, ફેસલા યા તખ્લીકમાં કોઈ ખામી હોતી જ નથી. પણ જો અલ્લાહના હુકમ ખિલાફ લોગો પોતાના હાથે જેને ઉંચો ચઢાવે યા નીચે ઉતારે તેમાં જ ભુલચુક કે ખોડખાપણ હોઈ શકે છે. આ ગંભીર ભુલ ના સબબ જ આજે કરોડો લોગો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ પોતે ઈસ્લામને દીને કામિલ તો સમઝે છે પણ જેના ઝરીએ દીનને સમઝવુ જોઇએ તેના સિવાય બીજી ગૈરસમઝના ગુચવાડામાં ફસાઇ ગયા છે. નબી યા નબી ની પાકીઝા આલ જેવી હસ્તીઓ મિનલ્લાહ-અલ્લાહ તરફથી આવી હોય તેની અઝમત યા ફઝીલત લોગો કેટલી હદ તક શુમાર કરી શકે ! ઈરશાદે રબ્બાની છે કે, "**ઇન્નકા લઅલા ખોલોકિન અઝીમ**", અય રસૂલુલ્લાહ, આપની તખ્લીક આઅલામાં આઅલા અખ્લાક પર કરવામાં આવી છે. આપનો કિરદાર એવો તો સાફ-સુથરો હતો કે, આપના કોઈ પણ કૌલ યા અમલ પર કોઈ ખામીની આંગલી ચિંધે તો તે સઝાના લાયક બનતો. આપના ખુશ-સુલૂકની ઈન્તેહા એ હતી કે, સામે કોઈ પણ આવે, અપના યા પરાયા તમામને તાઅઝીમ આપતા અને તેના સાથે ખુશ-કલામ કરતા હતા. બચપણામાં આપ હર તૌરથી પાક, જવાનીમાં આપ વાઅદાના સાચા અને અમાનતને સાચવનાર તો બુઝુર્ગીમાં આપ હરએક મુખ્લિસ શખ્સના નજાતના ઝામિન હતા.

રિવાયત છે કે, આપના અઝવાજ (બૈરો) માંથી એક બીબી ઢલતી સાંજે આપના કપડા સીવી રહ્યા હતા કે તેમના હાથમાંથી સોઈ પડી ગઈ. બીબીએ સોઈ ઢુંઢવાની ઘણી કોશિશ કીધી પણ અંધારૂં વધવાના સબબ સોઈ હાથ લાગી નહીં. તે જ વક્ત આપ સિરાજુમ મુનીર ઘરમાં તશરીફ લાવા અને ફૌરન રોશની થાવાના સબબ બીબીને સોઈ મીલી ગઈ. આપે પૂછ્યું કે, અય બીબી, તમેં ઝમીન પરથી શું ઉઠાવું ? બીબીએ અરઝ કીધી કે, અય મારા સરતાજ ! આપના કપડા સીવતા સીવતા મારા હાથમાંથી સોઈ પડી ગઈ હતી, તે મીલતી ન હતી પણ જે વક્ત આપ કમરામાં દાખિલ થયા તો **આપના ચહેરાના નૂરના લીધે તે મીલી ગઇ.** આ સાંભલીને આપ થોડા મુસ્કુરાયા પણ તરત જ આપના ચહેરા પર ગમગીની છવાઈ ગઈ. આઁખોમાં આઁસૂ આવી ગયા. બીબીએ ખૌફના મારે પૂછ્યું કે, અય અલ્લાહના

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**બેશક, હિકમત શરીફને ઔર ઝિયાદહ શરીફ બનાવે છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***જન્નતની ખુશખબરી આપનાર.....***

નબી, શું મારાથી કોઇ ખતા થઇ છે ? આપ ગમગીન કેમ થઇ ગયા ? આપે ફરમાવું કે, બીબી ! અલ્લાહે મને સિરાજુમ મુનીર બનાવો છે જેની રોશનીમાં તમારી ખોવાયેલી સોઇ મીલી આવી. પણ અફસોસ કે, મારી ઉમ્મતના ગુનાહગારો પોતાના બુરા કરતૂતોના લીધે કયામતના દિન મારો દીદાર નહીં કરી શકે. મને એ લોગોનો ખ્યાલ આવીને રોવું આવી ગયુ.

આપ (સ.અ.વ.વ.) આપની ઉમ્મત પર શાહિદ બનીને આવેલા છે. મુમેનીન આપની નુબૂવત અને રિસાલતની પૂરા કલ્બો ઝમીરથી શહાદત દે છે. મગર જે વક્ત મુનાફિકો આપના પાસે આવે છે તો કહે છે કે, **"હમેં શહાદત-ગવાહી દઇએ છીએ કે, આપ અલ્લાહના રસૂલ છો."** મુનાફિકોનું આ મુજબ કહેવું દિલી ઈકરાર બગૈર ફકત ઝબાની છે, મક્કારી છે કેમકે, અલ્લાહ જાણે છે કે, આપ એના રસૂલ છો. અલ્લાહ ખુદ શહાદત દે છે કે, મુનાફિકો જૂઠા અને ઠગ છે. મુનાફિકોના દિલના હાલને અલ્લાહ જિબ્રઈલને મોકલીને આપ નબીને ખબર કરી દેતા અને ઉમ્મતમાંથી કોણ કઇ તરહના છે એનું ઈલ્મ આપને બખ્શી દેતા. આથી આપે ફરમાવું કે, "જે કોઇ કલેમતુશ શહાદત ઝબાનથી પઢે તેના જાન-માલની દુનિયા પુરતી જ હિફાઝત થઈ જાય અને દિલનો હિસાબ રોઝે કયામત તક મુલ્તવી રહે. પણ જે કોઇ કલેમતુશ શહાદતને ઈખ્લાસથી પઢે તે જન્નતમાં દાખિલ થઈ ગયો." આમ આપ દેખાવ ખાતર અને સાચી શહાદત દેનાર બેવે તરહના લોગોનો તફાવત બતાવી દે છે. એકના વાસ્તે હિસાબ-કિતાબ કરવાને લાઝિમ ઠેહરાવે છે અને બીજાના વાસ્તે જન્નતનો વાઅદો આપે છે. **"બશીર"** અને **"નઝીર"** ની શાન આપના બીજા ઘણા કલામો માંથી ઝાહિર થયેલી છે. આઅમાલે સાલેહાના બદલામાં રાહતે જન્નત અને આઅમાલે કબીહાના નતીજામાં આફતે જહન્નમ નક્કી જ છે.

આપની હિદાયતની ખુસૂસીયત એ છે કે, આપે જે કહ્યું તે જ કરેલુ છે. એક ઝર્રા બરાબર પણ આપના કૌલ અને અમલમાં ફરક નથી. ખાલિકની રઝાથી આપે હરએક પૈગામને મખ્લૂક તક પહોંચાવો છે, તેની જ ખુશી મુજબ અમલ કીધેલો છે. એમાં **"વલ્લાહો યાઅસેમોકા મિનન્નાસ"** થી અલ્લાહે આપને લોગોથી ઈસ્મત પણ આપેલી છે, ખિલાફવરઝી અને બદગુમાનીથી બચાવી રાખવાની ખાત્રી પણ ઝાહિર કરેલી છે. ઈસ્મતની આ જ શાન આપે આપની આલે અત્હર વાસ્તે બોલી બતાવી છે. હમેશા બાકી રહેનારી નેઅમતો, તૂબાની વધામણી અને ઈલ્મ કોનાથી શીખવું એને લગતી હદીસો તેના પૂરાવારૂપે મૌજૂદો મશ્હૂર છે.

આપના ઊસૂલ અને વેહવાર લાજવાબ હતા. મક્કામાં ૧૩ વરસ તક જાણે મૌતના સાયામાં આપે ઝિંદગી બસર કીધી અને દુશ્મનાને દીન કુફ્ફારની તકલીફોને તન-મન પર બિલા શિકાયત ઝીલી લીધી. મદીનામાં દીને ઈસ્લામના અરકાનને પાયદાર બનાવવા અન્સાર અને મુહાજિરીનને ભાઇબંધીના સાઁચામાં ઢાલી દીધા. આપ (સ.અ.વ.વ.) એ ઈમામ હુસૈન (અ.સ.) ને ફરમાવું કે, **"અય મારા હુસૈન ! ઇસ્લામની કિશ્તી ભંવરમાં આવી પડે તો તમારી ઝાતને લંગર બનાવીને બચાવી દેજો. અય હુસૈન ! ઇસ્લામની બુનિયાદ કમ્ઝોર પડી જાય તો તમારૂ ખૂન તેમાં ભરીને તેને કૂવત બખ્શી દેજો."** મૌ.ઝયનબ (અ.સ.) ને ફરમાવું કે, "અય મારી લાડલી દીકરી ! તમારા નાનાજીના દીનના ચહેરા પર ઝખ્મો દેખાય તો તમારી ચાદરની પટ્ટીઓથી તેને મરહમ લગાવજો."

**"દાઇયન ઇલલ્લાહે બે ઇઝનેહી"** ની આયતમાં ગૌર કરવામાં આવે તો માઅલૂમ પડે છે કે, આપ (સ.અ.વ.વ.) નુ દુનિયામાં નબી બનવુ અલ્લાહ તરફથી છે, આપના હર હુકમમાં અલ્લાહની રઝા છે, આપની ઝિંદગીની હર કૈફીયતમાં અલ્લાહની તાઈદ છે અને આપના હર રદ્દે અમલમાં અલ્લાહની હિકમત છે. લેહાઝા, આપની દાઅવતની અવ્વલ મંઝિલથી આખિરી મંઝિલ અલ્લાહના ઈઝન, રઝા અને ખુશીની રાહ પર છે. એટલે રઝા બગૈર દાઅવતનુ હોવુ મુમ્કિન નથી. હર ઝમાનામાં આલે મોહંમદ (સ.અ.) ના ઈમામ **"મિનલ્લાહ"** (અલ્લાહથી આવેલા) છે, ઈમામની દાઅવત **"ઇલલ્લાહ"** (અલ્લાહ તરફ) છે અને ઈમામના ઈસ્તેતાર (પડદા) ની હાલતમાં એના દાઈ **"બેઇઝનેહી"** (ઈમામની રઝાથી દાઅવત કરનાર) છે. લતીફ માઅના એ છે કે, દાઈ, ઈમામુઝઝમાન (અ.સ.) ની નિયાબત

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**મુમેનીન વાસ્તે દીનને આસાન બનાવવામાં આવું છે.**

*(પેજ નં. ૨ નું બાકી)* **જન્નતની ખુશખબરી આપનાર.....**

(નાઈબ હોવું) કરવાના સાથે જ તાઈદે રબ્બાનીથી મખ્સૂસ રહે છે. આપ (સ.અ.વ.વ.) મુસ્તૌદેઅ અંબિયા અને મુસ્તકર ઈમામોના સરદાર છે. આ મોહંમદી દાઅવત અને રૂહાની બાદશાહતનું નૂર હર દાઈમાં નઝર આવે છે. આ નૂરથી દાઈ હરએક મુઆફિક (મોહબ્બત રાખનાર) અને મુનાફિક (અદાવત રાખનાર) ને ઓલખી લે છે અને મુમેનીનને નૈકી નું ખૈર અને બદીનું શર બેવે ઓલખાવે છે. દાઅવતના અસલો ઊસૂલ અને કાનૂન કે જેના પર આપ (સ.અ.વ.વ.) ચાલા તેને આપના દાઈ કોઈ તહરીફો તબ્દીલ કીધા બગૈર કાઈમ કરે છે. **"બે ઇઝનેહી"** નો તાજ દાઈના સર પર હોવાથી એ કોઈ પણ બિદઅત, નવી વાતને દીનના મામલામાં પૈદા થાવા દેતા નથી.

આ તમામ લતીફ વાતોને સમઝવા વાસ્તે મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સિરાજુમ મુનીર કુબૂલ કરી લેવું ઝરૂરી છે. આ જ એ રોશન ચિરાગ છે કે, જેનું નૂર ઈમામના રૂપમાં ઝલહલતું રહે છે. આજે દાઈ, એના હિજાબ બનીને, નૂરે ઈમામીને પોતાના અંદર સમાવીને મુમેનીનના દિલોને દાઅવતે મોહંમદીયાહથી મુનવ્વર કરી રહ્યા છે, જેમ ચાંદ સૂરજની ગરમીને ઠંડી રોશનીમાં બદલી ઝમીન પર મુન્તશર કરે છે.

" જહાઁ હો નાઈબે હયદર વહાઁ તુમ હક્ક કો પાઓગે,
બિલા હાદી કહીં હક્ક કા પતા માઅલૂમ હોતા હૈ. " ★

## -::: કુરઆન :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં તમારી આવાઝો ને કુરઆનના પઢવાથી ઝીનત બખ્શો. કુરઆનની તરન્નુમ સાથે કિરાત અલ્લાહને બહુ પસંદ છે. કુરઆનની તાઅલીમ આપનાર શખ્સ ખૈરૂન્નાસ છે, તમામ ઈન્સાનોમાં બેહતર છે અને તે મારી આલ અને એના માનનારા મુમેનીન છે. જો મોઅલ્લિમો ન હોતા તો લોગો ગુમ્રાહ થઈ જાતા. આવો ! કુરઆન પઢીએ. બચ્ચું જે વક્ત **"બિસ્મિલ્લાહ"** પઢે છે તો અલ્લાહ એના માઁ-બાપ અને એના મોઅલ્લિમને જહન્નમથી બરાત અને અઝાબથી અમાન-નામું લખી આપે છે. ★

## -::: લફઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ "લફઝી કશ-મ-કશ" ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા "ફાઈનલ સવાલ" નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

**સવાલો :**

(૧) અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ના મઝારે અન્વર કયા છે ?

| | | |
|---|---|---|
| | | ◯ |

(૨) ઔલાદને જોઈએ કે પોતાના વાલેદૈનનો --- કરે.

| | | | | |
|---|---|---|---|---|
| | | ◯ | | |

(૩) નાઝ, ગુરૂર.

| | | |
|---|---|---|
| | ◯ | |

(૪) નમાઝ બાદ દોઆને સાંભલવી ------- છે.

| | | |
|---|---|---|
| ◯ | | |

(૫) ઘર પર આવેલા -------- ને નાઉમ્મીદ ન કરવો જોઈએ.

| | | |
|---|---|---|
| | ◯ | |

**ફાઇનલ સવાલ :**

✲ અલ્લાહતઆલાની શરીઅતના અહકામ અને અહલુલ બૈત (અ.સ.) ની તાઅલીમમાં કોઈ પણ ----- ની ગુંજાઈશ નથી.

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

➡ **ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧)

| | | |
|---|---|---|
| અ | ઝા | (ન) |

(૨)

| | |
|---|---|
| (દા) | ગ |

(૩)

| | | |
|---|---|---|
| દા | (મા) | દ |

(૪)

| | | | |
|---|---|---|---|
| (ઈ) | ન | કા | ર |

**ફાઇનલ જવાબ :**

| | | | | |
|---|---|---|---|---|
| ઈ | મા | ન | દા | ર |

તરકીબના સહી જવાબો આપનાર :

**સોહા અસગરઅલી મોટાભાઇવાલા.** ★

**નાના-નાના ગુનાહ કરવાથી બચો કેમકે, એ ગુનાહોનો પણ અલ્લાહ હિસાબ કરશે.**

## -: હદીસે નબવીમાં ઈખ્તેલાફાતની અસલીયત :- કિસ્ત-૪

અહાદીસે નબવીના સિલસિલામાં ઉમ્મતના કયા કયા તબકાના લોગોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હાઝરીમાં યા આપની દુનિયાથી રેહલતે શરીફાહ બાદ શું કિરદાર અદા કીધો અને અહાદીસની અસ્લીયતને કઈ તરહ મીટાવી દીધી તેનું તફસીલવાર બયાન અમીરૂલ મુમેનીન અલીયુલ મુરતઝા (અ.સ.) એ આપના એક ખુત્બામાં કીધેલું છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયતોને બયાન કરનાર સલીમ બિન કૈસ અલ-હિલાલીએ આપ મૌલાને સવાલ કીધો કે, બિદઅતી હદીસો અને નબીએ કરીમ (સ.અ.વ.વ.) થી રિવાયત કરવામાં આવેલી ખબરોમાં લોગો ઈખ્તેલાફ કેમ કરે છે? આપ મૌલા (અ.સ.) એ ફરમાવું કે, લોગોના હાથમાં હક્ક-બાતિલના રસ્તાને પસંદ કરવું, સાચું-જૂઠું બોલવું, હલાલ-હરામનું કરવું, હુકમવાલી-મિસાલોવાલી આયતોનું સમઝવું, સહી-ગલત સોચવું તમામ ઈખ્તેયારાત છે. લેહાઝા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર આપની હયાતીમાં જૂઠ-ઈલ્ઝામ-બોહતાન લગાવવામાં આવું, યહાઁ તક કે આપ નબીએ ઊભા થઈને ખુત્બામાં ફરમાવું કે, **"જે શખ્સ જાણી જોઇને મારા ઉપર જૂઠ-બનાવટ કરશે તો એ ખુદનું ઠીકાનું જહન્નમ બનાવી લેશે."**

**"જે શખ્સ જાણી જોઈને મારા ઉપર જૂઠ-બનાવટ કરશે તો એ ખુદનું ઠીકાનું જહન્નમ બનાવી લેશે."**

હદીસ બયાન કરનારાઓની ફક્ત ચાર કિસ્મ હોય છે અને પાઁચમી નહીં.

(૧) તે મુનાફિક જે ઈમાન લાવવાનો ખોટા મુઝાહેરો કરે, મુસલમાન હોવાની બનાવટ કરે, ગુનાહ કરવાથી એને ઝીઝક હોય ન હરામકારી પર સવાર થાવાથી શરમ હોય. મોતઅમ્મેદન-જાણી જોઈને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર જૂઠ-લગ્વ-બનાવટ કરે, એવી વાત નબીએ પાક (સ.અ.વ.વ.) ના નામથી જોડી દે જે વાત આપ નબીને ફરમાવી જ ન હોય. જો લોગોમાં ખબર પડી જાય કે એ મુનાફિક છે, જૂઠો-કાઝિબ છે તો એની વાત કોઈ સાચી માને નહીં. લેકિન લોગો કહે છે કે, એ તો નબીએ પાક (સ.અ.વ.વ.) નો સહાબી છે, આપને ખુદની નઝરથી જોયા છે, આપને ખુદના કાનોથી સાંભલા છે અને ઈલ્મ પણ આપથી જ હાસિલ કીધું છે, તો લોગો એના કૌલને બિલા શક, બિલા તફતીશ કુબૂલ કરી લે છે. મગર અલ્લાહતઆલા ખૈરના લોગોને આવા કપટી-ઢોંગી-દગલબાઝોથી આગાહ કરી દે છે કે, આવા મુનાફેકીન દિલના કાલા, નઝરના ખરાબ અને ઝબાનના ચાલાક હોય છે, તેઓનું દિલ ઈમાનથી ખાલી હોય છે અને જે ચીઝ ઝબાનથી બોલે છે તેમાં કોઈ હકીકત હોતી નથી. નબીએ આઅઝમના કલામે પાકને નાપાક કરનાર મુનાફિકોના હાલાત અને તેઓ ફિતરતને અલ્લાહતઆલાએ કુરઆને શરીફમાં તફસીલવાર બતાવી દીધી છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ આ મુનાફિકો ઝિંદા રહ્યા અને પોતાના શયતાની ખયાલાતના ઝરીએ ગુમ્રાહીના આગેવાનો અને જહન્નમના રાહનુમાઓની આંખોમાં મહબૂબ થયા, કરીબ થયા, અસરો રૂસૂખ-રસાઈ પૈદા કીધી. **ગુમ્રાહીના આગેવાનો અને બનાવટી ઇમામોએ આ મુનાફિકોને ઝંડે ચઢાવા અને એમને અલગ-અલગ ઇલાકાઓના આમિલો તેમજ હાકિમો બનાવી દીધા.** હાથમાં ઈખ્તેયાર આવવાથી, માલી અને લશ્કરી તાકાત હાસિલ થાવાથી આ મુનાફિકો લોગો પર ધાક જમાવવા લાગા, મિલ્કીયત પર કબ્ઝો કરવા લાગા, તમામ પર હાવી-મુસલ્લત થઈ ગયા, દુનિયાની લઝ્ઝતોમાં ડૂબી ગયા અને ખૂબ ઐશમાં પડી ગયા. આમ લોગોનો તો એ કાયદો છે જ કે તેઓ બાદશાહોને ખુશ રાખે, એની ગુલામી કરે અને દુનિયાની હવાનું રૂખ જ્યાં પલટાય તો તેઓ પણ સાથે થઈ જાય, મગર એ લોગો નહીં જે સાચી ચીઝ જાણે છે અને અલ્લાહનો તકવા રાખે છે. આ થઈ એક કિસ્મની વાત.

(૨) તે શખ્સ જેએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝબાનથી કલામને સાંભલા અને તેને બરાબર યાદ ન રાખા. બીજાને એ કલામ કહેવામાં એને ભૂલ કીધી પણ જાણી જોઇને નહીં. આ કલામ મુજબ પોતે અમલ કરે યા તેને સાંભલનાર અમલ કરે અને એમ માની લે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ જ મુજબ ફરમાવેલું છે. હવે લોગો એમ જાણી લે કે આ ખબર બયાન કરનારે ભૂલ કીધેલી છે તો તે ખબરને કુબૂલ ન કરે અને આ કલામ-ખબરને કહેનાર પણ જાણે કે ખુદનાથી ભૂલ થઈ છે તો એ અને એના સાથીઓ પણ ભૂલવાલા કલામ પર અમલ કરવાનું છોડી દે.

(બકીયાહ આવતા શુમારામાં) ★

**અલ્લાહને નારાઝ કરીને કોઈને રાઝી ન કરજો.**

## હિકમતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

### Headache - માથાનો દુખાવો

* બચ્ચાઓમાં Headache ના ઘણા બધા કારણો હોય શકે છે, જેમકે શર્દી, મેલેરિયા, ટાઈફોઈડ, યા બીજું કોઈ Infection. આના સિવાય માનસીક તાણ (Mental or emotional stress) સ્કૂલમાં કે ઘરમાં, વધારે વક્ત તક તડકામાં રહેવાથી, આંખના નંબર હોવાથી યા Migraine ના સબબ માથાનો દુખાવો હોય શકે છે.
* આમ તૌર પર સીઝન બદલાતા યા ઘરમાં કોઈને Infection હોવાથી બચ્ચું બીમાર પડી જાતુ હોય છે, જેને સાથે માથામાં દુખાવો થતો હોય છે. આવા cases માં infection દૂર થવાથી અપને આપ માથાનો દૂખાવો દૂર થઈ જાય છે.
* ઘણા cases માં માથાના દુખાવા પાછલ emotional stress ઘણો અહેમ કિરદાર ભજવે છે, જેની જાણકારી માઁ-બાપ ને હોતી નથી. School નું વધારે પડતું home work યા school ના નવા માહૌલમાં adjust થવામાં તકલીફ યા એવી કોઈ ચીઝ જે બચ્ચાને માનસીક તૌર પર હૈરાન કરતી હોય, તો બચ્ચાને આ મુજબની તકલીફ થતી હોય છે. ઘણી વક્ત school ની exams ના પહેલા માઁ-બાપ બચ્ચા પર વધારે પડતું ઝોર આપતા હોય યા બચ્ચાથી વધારે ઉમ્મીદો (expectations) રાખતા હોય તો બચ્ચું આ ચીઝને stress તરીકે લે છે જે માથાના દુખાવાનો સબબ બની શકે છે. બચ્ચામાં exams દૌરાન કરી ગુઝરવાની જેટલી તાકત હોય એને પર જ વધારે તવજ્જો આપીને બચ્ચાનો હોંસલો વધારવો (encourage) ઘણો ઝરૂરી છે.
* ઘણા બચ્ચાઓને અપચા ને સબબ યા કબ્ઝીયાત રહેવાથી પણ માથામાં દુખાવો રહે છે. પાચન સુધારવાથી આ તકલીફ દૂર થઈ શકે છે. વધારે પડતુ હોટલનુ જમન યા Junk food બચ્ચાના પાચનને નુકસાન કરે છે અને બીજી serious બીમારી પૈદા કરે છે. જેમકે, Childhood obesity અને Childhood diabetes. આ બેવે બીમારીઓ ફક્ત lifestyle બદલવાથી કાબૂમાં રાખી શકાય છે.
* Migraine એક એવી બીમારી છે કે, જેનો diagnosis કરવો ઘણો ઝરૂરી છે. જે બચ્ચાઓને migraine હોય છે તે બચ્ચાઓ ખાસ કરીને ઘણા sensitive (ચંચલ) હોય છે અને નાની નાની ચીઝો નો એના પર ઝહેની તૌરથી ગહેરો અસર પડતો હોય છે. આ બીમારીમાં ઘણી વક્ત એવા Trigger factors હોય છે, જેના કારણે બચ્ચાને migraine નો attack આવે છે. ઘણા cases માં family history positive હોય છે, મતલબ કે, ઘરમાં માઁ યા બાપ તરફથી કોઈને આ બીમારી હોય છે. આવા cases માં homoeopathic દવાઓ ખૂબ ફાયદામંદ રહે છે.
* અગર બચ્ચાને school ના classroom માં વાંચતી વકતે યા lesson કરતી વકતે જ માથામાં દુખાવો થતો હોય યા આંખો ખેંચાતી હોય તો આવા cases માં આંખોના નંબર check કરાવી લેવા ઝરૂરી છે.
* અગર બચ્ચાને માર વાગે યા પડી જાય યા માથા પર ઝખમ લાગે અને એના બાદ શિદ્દતથી માથુ દુખવાનુ શુરૂ થાય તો વક્ત ઝાયેઅ કીધા બગૈર દવાખાનામાં જાઁચ કરાવી લેવી જોઈએ.
* અગર માથાના દુખાવાને સાથે તાવ હોય અને ગરદન જકડાઈ જાય (stiffness આવી જાય) અને ઉલ્ટીઓ થાય તો એવા cases માં મગજ પર infection હોય શકે છે અને એનો તત્કાલ ઈલાજ કરાવવો જોઈએ.
* અગર માથાના દુખાવાને સાથે બચ્ચુ ઉલ્ટી કરે યા બેહોશ થઈ જાય તો તત્કાલ હોસ્પીટલમાં ઈલાજ શુરૂ કરવો ઝરૂરી છે.

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**નમાઝનો ઈન્તેઝાર કરવો પણ એક તરહની ઈબાદત છે.**

## -: ફઝીલતે બિસ્મિલ્લાહ :- (કિસ્ત-૧)

**ઈલ્મ કી ઈબ્તેદા હે બિસ્મિલ્લાહ, ફઝલ કી ઈન્તેહા હે બિસ્મિલ્લાહ.**
**બરકતોં કી દોઆ હે બિસ્મિલ્લાહ, રેહમતોં કી હવા હે બિસ્મિલ્લાહ.**
**કૈસી પ્યારી સદા હે બિસ્મિલ્લાહ, કિસ કદર દિલરૂબા હે બિસ્મિલ્લાહ.**
**હય અલી જીસકી "બા" કા એક નુકતા, વો કલામે ખુદા હે બિસ્મિલ્લાહ.**
**હોતી હે ઉસકી સબ બલાએં રદ્દ, વિર્દ જીસકા સદા હે બિસ્મિલ્લાહ.**
**તાબ દરિયાએ ઈલ્મે દિલ હે સદફ, ગૌહરે બે બહા હે બિસ્મિલ્લાહ.**
**ઈસ્મે આઅઝમ કા હે અસર જીસમે, બ ખુદા વો દોઆ હે બિસ્મિલ્લાહ.**
**હે અલી બાબે શહરે ઈલ્મે નબી, બાબે ઈસ્મે ખુદા હે બિસ્મિલ્લાહ.**
**ઈસકા પઢના ઈબાદતે હક્ક હે, ઝિક્રે રબ્બુલ ઉલા હે બિસ્મિલ્લાહ.**
**હક્ક ને ઉમ્મુલ કિતાબ મે લોગો, લીખ દીયા જાબજા હે બિસ્મિલ્લાહ.**
**પલ મેં સારી મુરાદે પુરી હો, વો ગુલે મુદ્દોઆ હે બિસ્મિલ્લાહ.**
**દિલ મેં યાદે ખુદા હે ઔર જીનકે, લબ પે સુબ્હો મસા હે બિસ્મિલ્લાહ.**

---

**"બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ"**, કુરઆને કરીમની શરૂઆતની આયત છે. કુરઆનની તમામ સૂરતો પહેલા "બિસ્મિલ્લાહ" દરજ કરવામાં આવી છે જેમાંથી ફકત "સૂરએ તૌબહ" માં તે શામિલ નથી મગર "સૂરતુન્નમલ" ના દરમિયાનમાં તે નાઝિલ થયેલી છે. તેથી "બિસ્મિલ્લાહ" ની કુલ ગિન્તી કુરઆનમાં ૧૧૪ ની થાય છે. અલ્લાહતઆલાએ "અલ્હમ્દો લિલ્લાહ" (પહેલી સૂરત) ને **"ફાતેહતુલ કિતાબ"** ના નામથી મુશર્રફ કીધી છે, જેની માઅના "કિતાબને ખોલનારી" થાય છે. આ સૂરતનું બીજું નામ "ઉમ્મુલ કિતાબ" પણ છે, જેની માઅના "કિતાબની માઁ" થાય છે. જો અગર અલ્લાહતઆલાએ સૂરતુલ હમ્દને માઁ નો દરજો આપો હોય તો માઁની જિસ્માની શિકલમાં "બિસ્મિલ્લાહ" નું મકામ માથાનું છે; અને જો "સૂરતુલ ફાતેહા" ને દરવાઝાની મિસાલ આપી હોય તો "બિસ્મિલ્લાહ" તે દરવાઝાને ઉપરનો તાજ છે. તે દરવાઝો જ શું જેનો તાજ યા મથાડું ન હોય અને તે **"માઁ"** જ શું જેના બદન પરથી માથુ ઉતારી દેવામાં આવે ! માથા બગૈરનું ધડ અને તાજ બગૈરનો દરવાઝો ઘણો જ બદસૂરત લાગે.

અલ્લાહતઆલાએ રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ને **"સબ્ઉલ મસાની"** યાઅની "સૂરતુલ ફાતેહા" આપેલી છે, જેના સબબ આપે તમામ આગલના અંબિયા અને રસૂલો પર ફખર કીધો. સબ્ઉલ મસાની યાઅની સૂરતુલ ફાતેહામાં "બિસ્મિલ્લાહ" થી "ઝાલ્લીન" તક ૭ આયતો થાય છે, જે આયતો નમાઝની હર રકાતમાં પઢવામાં આવે છે. જેના બગૈર યા એમાં એક પણ આયતની કમી કરવાથી નમાઝ ઝાયેઅ થઈ જાય છે અને પાછી વાલવી પડે છે. "સબ્ઉલ મસાની" ની માઅના એ પણ થાય છે કે, સૂરતુલ ફાતેહામાં ૭ અલ્ફાઝ બે-બે વક્ત વાકેઅ થાય છે. તાવીલની ઝબાનમાં "સબ્ઉલ મસાની" તે સાત-સાત ઈમામોનો સિલસિલો છે, જે આલે મોહંમદ (સ.અ.વ.વ.) માં કયામતના દિન તક આવતા રહેશે.

**"બિસ્મિલ્લાહ"** માં બે અલ્ફાઝ (બિસ્મ અને અલ્લાહ) ના હુરૂફ ૭ થાય છે અને **"અર્રહમાનિર્રહીમ"** ના કુલ હુરૂફ ૧૨ થાય છે. ઉપર તેહરીર કીધા મુજબ ૭ હુરૂફનો ઈશારો ૧ હફતાના ૭ દિન તરફ થાય છે અને જેમ આ ૭ દિન આવતા રહે છે, તેમ આ ખલ્કમાં ઈમામો આવતા જ રહે છે. ૧૨ હુરૂફની ગિન્તીથી, ઈશારો વરસના ૧૨ મહીનાઓ તરફ અને ઈમામ ને નઝદીક ૧૨ હુજ્જતોની ગિન્તી તરફ છે. સૈયદના મોઅય્યદ શીરાઝી અને સૈયદના બદરૂલ જમાલી (આ.કુ.) જે ઈમામ મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં હતા, આ બેવે સાહબો

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**આલિમ, એના ઈલ્મથી સૈર નહી થાય જહાઁ તક એની ઈન્તેહા જન્નત નહી થાય.**

*(પેજ નં. ૬ નું બાકી)* ***ફઝિલતે બિસ્મિલ્લાહ.....***

પોતાની તસ્નીફશુદા મજાલિસોમાં ફરમાવે છે કે, **"બિસ્મિલ્લાહ"** ના ૭ હુરૂફ ઈસ્લામના ૭ અરકાન અને દઆઈમ જેમકે, વલાયત, તહારત, નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ અને જેહાદ પર દલાલત કરે છે; અને **"અર્રહમાનિર્રહીમ"** ના ૧૨ હુરૂફ ૧૨ સુન્નતે નબવી પર દલાલત કરે છે યાઅની કે, **૭ અને ૧૨ ને મીલાવીએ તો ૧૯ નો અદદ ઇસ્લામની તમામ ફરીઝતો અને સુન્નતોનો મજમૂઓ છે.**

સૂરએ મુદસ્સિરમાં અલ્લાહતઆલા જહન્નમના ૧૯ દારોગા યાઅની પેહરેગીરોની ઝિક્ર ફરમાવે છે. અહલે ઝાહિર આ ૧૯ ની ગિન્તી સમઝી શકતા નથી અને પૂછે છે કે, આ "બિસ્મિલ્લાહ" ની ૧૯ ની ગિન્તીમાં એવી તો કઈ સિર્રેખફી અને મખ્ફી વાત છે જે કાફિરો વાસ્તે ફિત્નતનો સબબ હોય અને ઈમાનદારો વાસ્તે યકીન અને ઈમાનની ઝિયાદતીનો સબબ બને. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ માહે રમઝાનની ૧૯ મી રાતની ઝિક્ર કરીને ફરમાવું કે, એ રાતમાં પૂરા વરસના અલ્લાહના મેહમાનોની દોઆ લખાય છે. આપે તે બાદ મુમેનીનને ફરમાવું કે, **"એ રાતમાં તમેં અલ્લાહને દોઆ કરો કે તમને હજ્જે બૈતુલ્લાહ નસીબ કરે."**

"બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ" કુરઆનની એક મુકમ્મલ આયત છે જેને અલ્લાહતઆલાએ "લોહ" માં મેહફૂઝ કીધેલી છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"હમેં જ ઝિક્ર ઉતારેલી છે અને હમેં જ એની હિફાઝત કરનારા છીએ".** "બિસ્મિલ્લાહ" કુરઆનનો અર્ક, નિચોડ, ઝુબ્દો, ખુલાસો હોય, તે ફાતેહતુલ કિતાબ (અલ્હમ્દો) ની પણ પહેલી આયત છે અને તરતીબમાં પણ તે નમાઝીની ઝબાનથી બીજી સૂરતો પઢતા પહેલા પઢવામાં આવે છે. આનાથી મઝીદ "બિસ્મિલ્લાહ" ની આયતમાં જ કલમએ શહાદત યાઅની **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"** ની માઅની પિન્હાઁ અને વાબિસ્તા છે, જેમાં ગેહરી તાવીલ અને હકાઈક સમાયેલા છે.

(બકીય્યાહ આવતા શુમારામાં) ★

---

*(પેજ નં. ૫ નું બાકી)* ***હકીમસાબ.....***

✱ ઘણી વક્ત બચ્ચુ ઠંડી હવા યા ઠંડી ચીઝોથી sensitive હોય છે. જેના કારણે તરત જ માથુ પકડાઈ જાય છે. આ simple cases છે અને દવા આપવાથી તકલીફ દૂર થાય છે. જે બચ્ચાને વારંવાર sinusitis (sinus) થઈ જાય અને કાયમને વાસ્તે માથુ ભારી રહે યા દુખાવો રહે તો તેને chronic sinusitis કહે છે. એવા cases માં sinus માં પાની ભરાય જાય છે અને એને લાંબા વક્ત તક infection રહે છે. આવા cases માં homoeopathic દવા ખૂબ ફાયદામંદ સાબિત થાય છે.

✱ આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

✱ **આજવા રોડ** પર ક્લીનીકનો વક્ત :
જુમોઆ : સાંજે ૫ થી ૭ રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ ક્લીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ.

✱ **બદરી મોહલ્લા,** રાહત દવાખાનું :
જુમોઆ : સવારે ૧૦ થી ૧૧:૩૦

✱ **જહાંગીર પૂરા,** ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર : સવારે ૧૧ થી ૧
જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

## -::: મુમિનનો હક્ક :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી મન્કૂલ છે કે, મુસલમાન મુમિન મરદ પર એ સાઝવાર અને મુનાસિબ નથી કે પોતાના ભાઈથી ત્રણ અય્યામથી ઝિયાદહ જુદો રહે. આપ (સ.અ.વ.વ.) એમ પણ ફરમાવે છે કે મુમિન બંદાને એ ઝૈબ ન આપે કે અગર તે પોતાના ભાઈને ચાહતો હોય તો એવી ચીઝ એના વાસ્તે ન પસંદ કરે જે પોતાના જાનને વાસ્તે બુરી હોય. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, મુમિન ભાઈને વાસ્તે તું એની ઝિંદગીમાં બુરાઈને ઝાહિર ન કર, અલ્લાહતઆલા એને તો આફીયત આપશે જ પણ તુંને મુસીબતમાં મુબ્તેલા કરશે. ★

**જેહાલત કરતા બીજી કોઈ મોટી મોહતાજગી નથી.**

# –::: QUR'AN-E-KAREEM in the words of Maulaana ALI (as) :::–

Maulaana Ali (as) describes the Fazeelat (significance) of Qur'an in his own words that, 'Where are you going and in which direction are you wandering? Don't you see that the flags of Haqq (truth) are raised and the signs of Haqq are evident, and the Minaarah (minaret) of the Hidaayat (guidance) are elevated!!! Why are you disturbed and worried? Aal-e-Mohammad (saws) (progeny or the sons of Rasoolullaah (saws)) is present among you. They are the leaders of the Haqq (truth), flags of the Deen (religion) and the tongue of the Truth. They have supreme position and Fazeelat along with the Qur'an. Respect and value them in the way you honour the Qur'an. Keep them in your hearts just like you keep the teachings of the Qur'an in your heart. **Just like a thirsty camel comes near a cool spring of water to quench its thirst, you must come near Aal-e-Mohammad (saws) to quench the thirst of your Knowledge.** Aal-e-Mohammad (saws) for us is Ambiyaa (as) (pl. of Nabi), Awsiyaa (as) (pl. of Wasi), A'immat (as) (pl. of Imaam) and Du'aat (aq) (pl. of Da'i) who are ascended to their respective status with the divine appointment of Allaah, which we call as "Nass". Obey what Qur'an says as it is the Word of Allaah, revealed on Rasoolullaah (saws) through Jibra'eel (as) in the span of 23 years. We should remove the darkness of ignorance with the light of the Qur'an.

Allaah Ta'aala says in the Qur'an,

**"Walaa ratbin walaa yaabesin illa fee ketaabim mubeen"**

which means, 'There is no dry or wet thing which is not present in the Kitaab-e-Mubeen (Qur'an).'

If you find anything which has no roots or proof in the Qur'an, in the Hadees (sayings) of Rasoolullaah (saws) and in the Riwaayaat (accounts) of A'immat-e-Taahereen (as) then leave it on Allaah. He will guide you to the Path of Haqq.

The words of Rasoolullaah (saws) are the explanations for us and his silence serves as words for us. Indeed, his progeny (sons) – Aal-e-Mohammad (saws) are the elucidators and lecturers (mufassereen and naatiqeen) of the Qur'an. They are like the stars in the sky which comes in succession or chain. One star never dies but the other takes its place. **In this way, the Ne'mat (favour) of Allaah has been completed on us and our wishes are answered.** Aal-e-Mohammad (saws) is the branches of the tree of the Nubuwwat of Rasoolullaah (saws) and belongs to that family where the Angels of Allaah used to descend. They are the mines (ma'aadin) of Knowledge and the fountain-head of the springs (manaabee') of Hikmat (Wisdom).

Maulaana Ali (as) says that, 'This Qur'an is confined in the pages in the form of text and it can't speak of its own.' There must be a teacher to explain the text of the Qur'an to the people. Rasoolullaah (saws) was the only teacher of the Qur'an in his lifetime. This teaching must continue after him and it should be taught only by a single authorized teacher. Rasoolullaah (saws) in his lifetime scrutinized and carefully saw who can be a good teacher of Qur'an after him. He was aware that Maulaana Ali (as) was present with him all the time and he knew all the Aayaat (verses, pl. of aayat) of the Qur'an. He also knew when was a particular Aayat revealed, in which situation, at what place and for whom was it revealed. **Maulaana Ali (as) was complete and perfect with greatest minuteness in the knowledge of the Qur'an.** Rasoolullaah (saws) told all his Ashaab (companions) about the supreme knowledge of Maulaana Ali (as) and instructed them to follow his teachings after his (Rasoolullaah (saws)'s) death. Maulaana Ali (as) was an 'eye- witness' to each and every moment of the life of Rasoolullaah (saws).

Maulaana Ali (as) has said that, 'We are not among them who would turn their faces away from the teachings of the Qur'an.' Rasoolullaah (saws) has glorified us with his knowledge which will be carried over from father to son in the same form till the Day of Qayaamat. We are the 'Itrat of

(cont. to page no. 9)

(cont. from page no. 8) **QUR'AN-E-KAREEM......**

Rasoolullaah (saws). One who will grasp the Qur'an and us will indeed be victorious after his death and indeed, Allaah will give him Jannat. Our love is the 'best' deed of this World (surety of Jannat) and our 'enmity' is the worst deed of this World (surety of Jahannam).

Allaah Ta'aala says in the Qur'an,

**"Fa'in tanaaza'tum fee sahy'in faruddooho elallaahe war-rasoole in kuntum too'menoona billaahe wal yaumil aakhere zaaleka khayrun wa ahsano ta'weela"**

'And if you differ (have difference of opinion) in anything amongst yourselves, refer it to Allaah and Rasoolullaah (saws), if you believe in Allaah and the Day of Qayaamat, this is better and more suitable for the final determination' (59/4)

Refer it to Allaah means, judge the difference based on the Qur'an and referring it to Rasoolullaah (saws) means to give decision according the Sunnat of Rasoolullaah (saws). If the decision is based on the Qur'an then we (Aal-e-Mohammad (saws)) deserve it the most because we are the real teachers of the Qur'an. And if the decision is based on the Sunnat of Rasoolullaah (saws) then no one is knowledgeable than us because we know the life of Rasoolullaah (saws) far better than what others do. **We are able to speak, listen and see because of the Qur'an.** There is no difference in the Deen of Allaah in the Qur'an. Qur'an never separates the Mumin from Allaah.

Imaam-e-Haqq (as) (Baatini Qur'an or the hidden one who gives the real teachings of the Qur'an) will turn the Hawaa (ignorance, having wrong self beliefs in the Deen of Allaah) towards the Hodaa (guidance) when the people turns Hodaa to the Hawaa i.e. the people overlook the right teachings and commits wrong deeds according to their self beliefs. Imaam-e-Haqq will turn their Beliefs or Principles on the Qur'an when the people will turn the Qur'an according to their own wrong beliefs. Imaam-e-Haqq will ascend the Hodaa and the Qur'an above the Hawaa and ignorance. *(to be continued in next issue)*

Note : For more articles no Qur'an visit our website. ★

## -::: ગુલ્શને ફિકહ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમારા જાનો (નફસો) ને આઅમાલ કરીને છોડાવો. તમે અમલ કરા કરો અને તમારા આઅમાલમાં અફઝલ નમાઝ છે. નમાઝ હરએક મુત્તકી શખ્સ વાસ્તે અલ્લાહથી નઝદીકીનો સબબ છે. આપે ફરમાવું કે, હર ચીઝ વાસ્તે મૂઁહ છે અને તમારા દીનનું મૂઁહ નમાઝ છે.

✤ મૌલાના અલી (અ.સ.) કલામે નબવીને આ મુજબ ફરમાવે છે કે, હું તમને તે **નમાઝની વસીયત** કરૂં છું, જે તમારા **દીનનો થાંભલો** છે અને ઈસ્લામનો પાયો છે. તમે તેનાથી કોઈ પણ વકત ગાફિલ ન રહેજો.

✤ ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) આપના ચંદ શીઆઓને ફરમાવે છે કે, હમારા મોહિબ્બો માંથી જેને પણ તમે મીલો તો એને હમારો સલામ પહોંચાવજો અને કહેજો કે, પરહૈઝગારી, અલ્લાહના ખૌફ અને મેહનતો મશક્કત પર કાઈમ રહે. આ ચીઝો બગૈર હું તમને અલ્લાહના નઝદીક કોઈ જ ફાયદો કરી શકું નહીં. અય મારા મોહિબ્બો, તમે તમારી ઝબાનોને કાબૂમાં રાખો અને તમારા હાથોને ખરાબ કામોથી રોકો, સબર તેમજ નમાઝ પર પાબંદ રહો, બેશક અલ્લાહતઆલા સબર કરનારાઓને સાથે છે.

✤ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહની માઅરેફતના બાદ નમાઝ કરતા કોઈ બીજી ચીઝને હું અફઝલ નથી સમઝતો. નમાઝ દીનનો સ્તંભ છે અને તે આદમીઓનો પહેલો અમલ છે કે, જેમાં અલ્લાહ નઝર કરશે. **અગર નમાઝ દુરૂસ્ત હશે તો એના બાકીના અમલમાં નઝર કરશે** અને જો નમાઝ દુરૂસ્ત નહીં હોય તો એના કોઈ બીજા અમલમાં નઝર કરવામાં આવશે નહીં. દીને ઈસ્લામમાં એના વાસ્તે કોઈ નસીબો નથી જે નમાઝ ન પઢે. ★

**કામિલ વુઝૂ કરીશ તો તારી ઉંમરમાં વધારો થાશે.**

(પેજ નં. ૧૨ નું બાકી) *અરબી ઝબાનની.....*

ઝબાનની એ કદ્રશનાસી છે કે, યુનોમાં અંગ્રેજી અને ફ્રેન્ચ ઝબાન પછી અરબી ઝબાનનો નંબર આવે છે. કેમકે તેમાં ૨૫ થી ઝિયાદહ ઈસ્લામી મુલ્કોની માદરી ઝબાન અરબી છે. **અપના મુલ્ક હિન્દુસ્તાનમાં પણ અરબી ઝબાનના હર હિન્દુસ્તાની ઝબાન પર ભારી અસરાત કાઇમ થયેલા છે.** અખ્બારની સુર્ખીયો, ટી.વી. ચેનલો, માસિકો, રોઝાના અખ્બાર, ટી.વી. સિરિયલ, હિન્દી નુમાઈશો યાકે પાર્લામેન્ટ તમામને હર હાલમાં અરબી ઝબાનના બાઝ અલ્ફાઝો ઈસ્તેઅમાલ કરવા પડે છે, અને અણગમતા પણ લાગે છે. હિન્દી ઝબાન બોલનારાઓ ગમે એવી મોટી બડાઈઓ મારે તો પણ મૌકા દર મૌકા અરબી, ફારસી અને ઉર્દુ ઝબાનના અલ્ફાઝનો સહારો લેવો જ પડે છે, તો જ તેઓની બોલીમાં લચક, મચક અને ચાશની ચઢે છે. મુખ્તસરમાં એમ કહેવું બજા છે કે, અરબી અલ્ફાઝના ઈસ્તેઅમાલ બગૈર હિન્દી ઝબાન બુઠ્ઠી, બરછટ, કાચી, ખુશ્ક અને કોરી ગણાય છે. હિન્દી ઝબાન પર અરબી ઝબાનની અસરોના મૌઝુઅ પર ઘણી રિસર્ચ, બહેસ અને તફતીશ થયેલી છે અને ઘણા કિતાબો પણ લખાયેલા છે. ગુજરાતી શબ્દકોષનું બારીકાઈથી વિશ્લેષણ અને ચકાસણી કરવામા આવે તો ૫ થી ૧૦ ટકા અલ્ફાઝો અરબી અસ્લીયતના નીકલી આવે અને કેટલી તો એવી જોડણીઓ છે જેનું અસલ-મૂળ અરબી છે પણ એ પર ગુજરાતી ઝબાનની વકતો વકત ચાશની ચઢેલી છે. અને વકતો વકત ખોટા મખ્રજ અને અદાયેગી સાથે બોલવામાં આવે છે. આ ઝબાનમાં બેશુમાર એવા અલ્ફાઝો છે કે જેના માઅનાની ગેહરાઈ તક પહોંચી શકાય તેમ નથી, પણ એની સાદી સમઝ લઈને હરરોઝની ગુફતગુમાં ઘણી વકત ઈસ્તેઅમાલ થાય છે એવા અલ્ફાઝોની ફેહરિસ્ત બને તો શાયદ આ મઝમુન નામુકમ્મલ રહી જાય. ઘણા સીધા સાદા અલ્ફાઝ જેનો બેહદ ઈસ્તેઅમાલ થાય છે, તે છે રેહમત, નેઅમત, ઈતાઅત અને બરકત.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે ફરમાવે છે કે, **"ઇન્ના અરસલ્નાકા રહમતલ લિલ આલમીન"** યાઅની કે, તેહકીક કે મેં તમને જહાનવાલાઓ વાસ્તે રેહમત બનાવીને મોકલા છે. બીજી એક આયતમાં હક્કતઆલા ફરમાવે છે કે, **"ઇન્ના રહમતલ્લાહે કરીબુમ મિનલ મોહસેનીન"** યાઅની કે, તહકીક અલ્લાહની રેહમત એહસાન કરનારાઓથી ઘણી કરીબ છે. આ બેવે આયતોમાં લફઝ "રેહમત" નો મત્લબ-માઅના ઘણાં ગહેરા અને વસીઅ છે. જે શખ્સીયતને અલ્લાહે જહાનવાલાઓ વાસ્તે રેહમત બનાવીને મોકલા છે તે તો તમામ નબીઓના સરદાર છે અને કૌનેનનાં પણ સરદાર છે. જે અખ્લાકના મકારિમ છે, સિરાજુમ્મુનીર છે અને શાહિદ, મુબશ્શિર અને નઝીર છે. આ સિફતો સનાની એજાઝનુમા હસ્તી અને ખૈરૂલ બશર વાસ્તે રેહમત લફઝનો ઈસ્તેઅમાલ થયો છે તેમાં અસ્રાર અને ભેદો છે. આ મુજબના તો બેશુમાર અલ્ફાઝો કુરઆને કરીમમાં સમાયેલા છે જેની તશરીહ કરવા અને હકીકી માઅના બતાવવા વાસ્તે સેંકડો બીજા અલ્ફાઝનો સહારો લેવો પડે. આ જ સબબ છે કે દુનિયાની ઝબાનોમાં અરબી ઝબાન જ એવો મુમ્તાઝ મકામ રાખે છે જે ગહેરી, ફસીહ અને બલીગ હોવાને સાથે મીઠી, પુરઅસર અને આસાન પણ છે. ★

## -::: નાઅત મુબારક :::-

સદકે મેં બિછી જિનકે બિસાતે કૌનેન, વાબિસ્તા ઉન્હીં સે હે ઉમ્મીદે દારૈન.
કબ આતિશે દૌઝખ સે રિહાઈ મિલતી, હોતે ન શફીઅ અગર રસૂલુસ્સકલૈન.
ઝુકા કે દિલકો રાહે કાએનાત કે દર પર, મૈં નાઝ કરતા હું અબ અપને ઈસ મુકદ્દર પર.
ફલક કો નાઝ ફકત મેહરો માહો અખ્તર પર, ઝમીં કો ફખ્ર હે દોનો જહાઁ કે સરવર પર.
તવાફે રોઝા મેં હે મેહરો માહ યૂઁ શબો રોઝ, મીલે જો ખાકે દરે શેહ રખે ઉસે સર પર.
નસીમ કૂચએ તૈબા સે હોકે આઈ હે, હે મસ્ત ખાક વહાઁકી લીએ હુએ સર પર.
ગદાએ સૈયેદે આલમ બ હાલતે તસ્લીમ, હુકૂમત અપની ચલાતેં હૈં માહો અખ્તર પર.
અગર ચે ગરકે ગુનાહ હે મગર નહી માયૂસ, ભરોસા અલવી કો હે બસ શફીએ મેહશર પર. ★

**લોગો વાસ્તે સખી બન તો લોગો તારા પર સખી બનશે.**

## -::: ઝાહેર ખબર :::-

**ન્યુ ગોલ્ડન સ્ટીલ ફર્નીચર**

દરેક ઝાતનું સ્ટીલ ફર્નીચર, કબાટ, ગોખલા, દીવાલની ફ્રેમો, રસોડાની ફ્રેમો, ફેબ્રીકેશનનું કામ. ગેલ્વેનાઈઝડ પતરાની સુપડા-સુપડી, ખુમચા, માપીયા, જૂના કબાટ-તીજોરી રીપેરીંગ તથા કલર કામ કિફાયત ભાવે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

પ્રો.અબ્બાસભાઈ અલીભાઈ સોરંગવાલા
હરીશ પેટ્રોલ પંપ પાછલ,, પાનીગેટ,
બાવામાન એસ્ટેટ, વડોદરા.
મો.: ૯૯૦૪૭૩૯૬૮૭, ૯૮૨૪૩૧૯૮૦૮ ★

**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઇ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સીંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઈમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

**હઝારીવાલા ઈન્ફોટેક**
**કોમ્પ્યુટર સોફટવેર-હાર્ડવેર સર્વિસ**
ફોન : ૯૭૧૪૪૩૦૩૧૪
**RTO ના કામકાજ વાસ્તે**
**હઝારીવાલા STD-PCO પર મીલો**
ફોન : ૨૫૨૪૯૩૬ / ૯૯૭૯૫૦૨૭૪૬ ★

**કારપેટ ....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**
અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....
**લકી કારપેટ સેન્ટર**
C/o. મહેબૂબભાઈ ભાઈસાહેબ
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા.
ફોન : ૨૫૮૦૫૬૬ ★

**મેગઝીમ રેફ્રીજરેશન**
**ફ્રિજ, એસી અને વોશિંગ મશીનના રિપેરીંગ અને સર્વિસ વાસ્તે મીલો.....**
મશ્કૂરઅલી ભાઈસાહેબ ઈઝઝુદીનભાઈ
"નઝરાના", ડૉ.ઉંમરજીના દવાખાના સામે,
જહાંગીરપુરા, વાડી, વડોદરા.
મો.: ૯૯૨૫૫૯૫૨૨૯ ★


## -::: તસ્હીલુન નિસ્બત :::-
## નિસ્બતને સહેલ કરવાની તદબીર

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.

| ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches (Approx.) |
|---|
| 3 મહીના : 150/- Rs. |
| 6 મહીના : 300/- Rs. |
| 1 વરસ : 600/- Rs. ★ |

## -::: દરસે અલ્ફાઝ :::-

| | |
|---|---|
| સરકશ | : બગાવત કરનાર, ખિલાફ થાનાર. |
| મુશ્તાક | : ખ્વાહિશમંદ, ચાહનાર. |
| તુરાબ | : માટી, ઝમીન. |
| સરચશ્મો | : પાની નીકલવાની જગા, અસલ. |
| ખાકસાર | : નાનો, ખાક જેવો, નીચો. |
| જબર | : ઝુલ્મ, જૌર, ઝબરદસ્તી. |
| હરકત | : હિલચાલ, જુંબિશ. |
| અહકામ | : હુકમો, ફરમાનો. |
| લતીફ | : નાઝુક, પાકીઝા, ઘણુ બારીક. |
| કલામ | : વાતચીત, ગુફતગૂ. ★ |

**રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, ત્રણ ચીઝો જાહેલીયતના અમલો માંથી છે અને કયામત ઉઠશે ત્યાં તક લોગોમાં આ જાહિલાના તરીકો ચાલુ રહેશે. (૧) સિતારાઓથી પાનીને તલબ કરવું, વરસાદ માંગવો. (૨) કબીલાઓ-ખાનદાનોને દરમિયાન નાઇત્તેફાકી, ઝઘડા, તાઅનાબાઝી અને ખૂંરેઝી થાવી. (૩) મૈયેત ઉપર નૌહા કરવા, શિકાયત કરવી. ★**

**બેશક બેહતરીન હુસ્નો જમાલ બેહતર અખ્લાક છે.**

# -::: અરબી ઝબાનની એહમીયત :::-

દુનિયાની ઝબાનો માંથી અરબી ઝબાન ઘણી કદીમ ઝબાન છે. હઝરત ઈસ્માઈલ (અ.સ.) અને આપની ઔલાદમાં જે ઈમામો થયા તેઓની ઝબાન અરબી હતી. મૌલાના ઈસ્હાક (અ.સ.) અને તેઓની આલમાં જે નબીઓ થયા એમની ઝબાન ઈબ્રાની હતી. અરબી ઝબાનમાં બેહદ શીરીની, ફસાહત અને બલાગત છે. અરબી ઝબાન જેટલી બોલવામાં શીરીન અને આસાન છે એટલી જ સમઝવામાં મુશ્કિલ અને સખ્ત છે. અરબી ઝબાન અલ્લાહની, મલાએકતની અને ખત્મુર્રોસોલ મોહમ્મદ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હારની ઝબાન છે. જે ઝબાનમાં અલ્લાહતઆલાએ બંદા તક પોતાના પૈગામ અને પયામને મોકલવાનો ઈરાદો અને એહતેમામ કીધો હોય તેવી ઝબાનની કમાલીયત નું શું પૂછવું ! કુરઆને કરીમ અરબી ઝબાનમાં છે અને અલ્લાહતઆલા ખુદ પોતાના કિતાબમાં ફરમાવે છે કે, અમોએ કુરઆન ને અરબી ઝબાનમાં નાઝિલ કીધા જેથી કે તે આલમમાં મશહૂર અને ઝાહિર થાય. અરબી ઝબાનની તારીખ અને ઊરૂજને આજના ઝમાનમાં ત્રણ તબકામાં તકસીમ કરી શકાય.(૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને રિસાલતનો શરફ ઈનાયત થયો તે પહેલાની કદીમ અરબી ઝબાન જે હિજાઝના મુલ્કમાં જાહેલીયતની ઝબાન તરીકે બોલાતી હતી અને જે ઝબાનની બલંદી તે ઝમાનાના શાયરોના અશ્આરના મજમુઆ સબઆ મોઅલ્લકાતના નામથી મશહૂર છે. (૨) કુરઆને કરીમમાં ઈસ્તેઅમાલ થયેલી અરબી ઝબાન; અહાદીસે નબવી અને રિવાયતે અઈમ્મતની ઝબાન, આ દૌરની અરબી ઝબાન જ હકીકતમાં અસલી, સહેલાઈથી સમઝી શકાય એવી ઝબાન છે. (૩) આમ આદમીની ઝબાન અને આજના ઈસ્લામી આલમમાં જે ઝબાન ઈસ્તેઅમાલ થઈ રહી છે, તે આ આખરી તબકામાં શુમાર થાય છે. આખરી તબકાની અરબી ઝબાનની કૈફીયત અને મિઝાજને એક તરફ મૂકતા, બીજા તબકાની ઝબાનનો મુતાલેઓ અને દરાસત-સ્ટડી કરવાથી દિલચસ્પ હકીકતો બહાર આવે છે. **આ ઝબાને હરએક તબકાના લોગોની લેસાની અને ઝબાની ઝરૂરીયાતને પૂરી કીધેલી છે, અને ઇન્સાની તબીઅત અને ખયાલાતના ઇઝહારમાં કામિયાબ થઇ છે.** કુરઆને કરીમ અને હદીસે શરીફની ઝબાન ૧૪૦૦ વરસ બાદ પણ જો કોઈ બોલે તો એમાં પહેલા જેવી જ તાઝગી અને રવાની છે, ઝમાનામાં તબ્દીલ થાતા ઝબાન અને બોલ-ચાલના તરીકા અને અલ્ફાઝના મુખ્તલિફ ઈસ્તેઅમાલના બાવુજૂદ અરબી ઝબાનની અસ્લીયત બરકરાર છે. મુખ્તસરમાં અરબી ઝબાન એક એવી ઝબાન છે કે જેના એક લફઝનો મત્લબ અદા કરવા વાસ્તે અનેક અલ્ફાઝની ઝરૂરત પડે છે, જો અગર કોઈ અરબી લફ્ઝની માઅના અંગ્રેજી ઝબાનમાં અદા કરવી હોય તો બાઝ વક્ત પર અનેક અલ્ફાઝોનો સહારો લેવો પડે છે તો જ તે લફ્ઝની માઅનાનો ઈઝહાર કરી શકાય. અને અરબી ઝબાનના રિશ્તામાં ઝિયાદહ થી ઝિયાદહ કુરબત રાખતી ઝબાન પહેલા ફારસી અને તે પછી ઉર્દુ છે. ઈબ્રાની ઝબાનમાંથી ઘણા અલ્ફાઝો અરબી કામૂસ-ડિક્ષનરીમાં શામિલ થયેલા છે.

કુરઆને કરીમ અરબી ઝબાનમાં નાઝિલ થાવાથી અને ખત્મુર્રોસોલ (અ.સ.) ની અરબી ઝબાન હોવાથી અરબી ઝબાનને એક નવી ઝિંદગી-હયાતે નૌ અને નવો ઓફોક-હોરાઈઝન મીલેલો છે. આજે અરબી

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★